(૧) સદરહુ કામે પ્રતિવાદી ન.૩ તફે હાલની અરજી તેઓએ આપી જણાવેલછેકે, સદબહ દાવાના કામે ગણોત વહીવટ અને ખેતીની જમીન અધીનીયમ–૧૯૪૮ ની કલમ–૮૦ અને ૮૫–એ. મુજબ વાદી ધ્વારા ખરીદેલી જમીનની બાબત ટેનન્સી કાયદા હેઠળ આવતી હોય, ગુજરાત રાજયના મહેસુલ પંચશ્રીની કોર્ટ, અમદાવાદ ખાતે વાદીની રીવીઝન અરજી ન.બી.એ.–૧૨૨/૨૦૨૦ તેમજ પ્રતિવાદીનાી રીવીઝન અરજી ન.બી.એ.૧૨૮/૨૦૨૦ થી નિર્ણીત થવા પેન્ડીંગ છે ત્યારે આ સંજોગોમાં સીવીલ કોર્ટ આ દાવો સ્ટે કરી લાગતા વળગતા મુદ્દાઓ અંગે નિર્ણય કરવા માટે તે મુદ્દાઓ યોગ્ય અદાલત કે ટીબ્યુનલ ને રીફર કરવા જોઈએ. (સંદર્ભ નામદાર સુપ્રીમ કોર્ટ ના સીવીલ અપીલ ન.૧૨૮૦/૧૯૬૯ , ગુંદાજી સતલાજી શિંદે વિ. રામચંદ્ર ભીકાજી જોષી)

જેથી , ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધીનીયમ–૧૯૪૮ માં જણાવ્યા મુજબ , ઉકત કાયદા હેઠળના પ્રશ્નો સક્ષમ કોર્ટ, ટીબ્યુનલ ને રીફર કરી /નિર્ણીત થાય ત્યાં સુધી સીવીલ કોર્ટમાં દાવો સ્થગિત કરવા મહેરબાની કરશોજી. તેમ કહી જણાવેલછે અને તે બાબતે તેઓના વિ.વ.શ્રી દાની જણાવેલછેકે, અત્રેની કોર્ટ ને ત્યાં સુધી સતા નથી અને અરજી સાથે ફેરતપાસના અરજી બાબતે ની નોટીશ રજુ કરેલછે. અને નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા જે જણાવેલછકે, તેમાં જણાવેલછેકે, જયારે ટેનન્સી નો કોઈ ઈસ્યુ હોય અને તેથી સીવીલ કોર્ટને બાર છે અને હાલના કેસમાં ટેનન્સી એકટ ની **કલમ–૮૪ સી** ના પ્રોસીડીગ્સ ચાલછે અને સદરહુ સુપ્રાના જજમેન્ટના પેરા–૫ તફે અત્રેની અદાલતનુ ધ્યાન દોરેલછે અને જણાવેલછેકે, જે મુજબ હાલના કેસને લાગુ પડતુ હોય અને જેથી સદરહુ અરજી મંજુર કરવા દલીલ કરેલછે.

૨. સદરહુ કામે વાદીના વિ.વ.શ્રી કોરેઝાએ તેઓની મૌખીક દલીલોમા જણાવેલછેકે, સદરહુ કામે આંક–૫ હાલના કામે અત્રેની અદાલતે ડીસાઈડ કરેલછે અને તેની અપીલ પણ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ, અંકલેશ્વર મુકામે ચાલછે અને જે બાબતે સદરહુ દાવાના કામે **નામદાર અદાલતે '' યથાવત પરીસ્થિતી '' નો હુકમ કરેલછે.** અને હાલના પ્રતિવાદી ન.૩ જમીન વેચવાની પેરવી કરી રહયા છે અને આ જ કામમાં પ્રતિવાદી ન.૩ નાઓએ અગાઉ **આંક–૨૦ થી સદરહુ દાવો સી.પી.સી ના ઓર્ડર–૭ રૂલ–૧૦ મુજબ** વાદીને દાવો પરત દેવા અરજી કરેલ હતી અને તેમા પણ પેરા–૧ જોતા તેમા પણ ટેનન્સી એકટ– ની કલમ–૮૫ મુજબ વાંચતા આ કોર્ટને હકુમત ન હોવાનુ વિગતવારની અરજી આપેલ હતી અને જે નામદાર અદાલતે તા.૨૦/૨/૨૦૨૧ ના રોજ નામદાર અદાલતે વિગતવાર નો હુકમ કરી નામંજુર કરેલ હતી તે અરજી ને કોઈ જ પ્રતિવાદીન.૩

નાએ અપીલ કે રીવીઝન અદાલતમાં આજદીન સુધી પડકારેલ નથી અને જેથી તેના જેવીજ હાલની અરજી આપેલ હોય અને તેમછતાં કામ ડીલે કરવા અને મુદતો લેવા હાલની અરજી આપી ને કોર્ટનો સમય બગાડેલ હોય જેથી હાલની અરજી નામંજુર કરવા દલીલ કરેલછે.

૩. આમ ઉપરોકત ઉભય પક્ષકારો વાદી તેમજ પ્રતિવાદી ન.૩ ની દલીલો ધ્યાને લીધી તેમજ પ્રતિવાદી ન.૩ ની હાલની અરજી વંચાણે લીધી. વધુમાં અત્રેની અદાલતમાં આંક–૨૦ ના કામે જે અગાઉ હુકમ કરેલછે તે હુકમને પ્રતિવાદી ન.૩ નાએ પડકારેલ ન હોવાનુ જણાવેલછે. વધુમાં હાલના કામે આંક–૫ નો અત્રેની અદાલતનો હુકમ પણ થયેલછે અને મુદ્દા નીકળી ગયા બાદ હાલની અરજી પ્રતિવાદી ન.૩ નાએ આપેલછે તે એક હકીકતછે. વધુમાં હવે આ કામે વાદી અને પ્રતિવાદી ન.૩ બાબતે મહેસુલ પંચ મા ટેનન્સી બાબતે ના પ્રકરણો ચાલતા ન હોવા બાબતે ની કોઈ તકરાર એકપણ પક્ષકારે લીધેલ નથી. વધુમાં વાદગ્રસ્ત જમીન નો વેચાણ દસ્તાવેજ સને–૨૦૦૬ મા કરાવેલ હતો અને તે બાબતે નુ નામ રેવન્યુ રેકર્ડમા દાખલ કરવા બાબતે અરજી કરેલ હતી અને જે બાબતે ના આર.ટી.એસ અપીલ ચાલેછે અને જેમાં હાલના વાદીનુ નામ દાખલ થઈ શકેલ નથી અને જે બાબતે પ્રતિવાદી ન.૩ નાએ તેનો દસ્તાવેજ તેઓના નામે કરાવી લેવાનો આક્ષેપ છે અને જે રદ કરાવવા વાદી આવેલછે અને જે બાબતે જોતાં સને–૨૦૦૬ થી વાદીના નામનો દસ્તાવેજ છે અને જે હકીકત બીન તકરારીછે પરતું જે રેવન્યુ પ્રોસીડીગ્સ પણ ચાલછે તે પણ બીન તકરારી છે હવે જે વાદીના દાવાની દાદ જોતાં જે દસ્તાવેજ પ્રતિવાદી ન.૩ નાએ કરાવી લીધેલછે તે ખોટી રીતે અને ગેરકાયદેસરનો હોવાની દાદ છે અને જે રદ કરાવવા બાબતેની દાદ છે જે હકુમત ફકત સીવીલ કોર્ટ ને હોવાની દલીલ પણ વાદીની છે અત્રેની અદાલતને કોઈ ટેનન્સી રાઈટ નકકી નથી કરવાના અને જે બાબતે ની કોઈ તકરાર બન્નેવ પક્ષકારે લાવેલ નથી. જેથી વાદીના દાવાની દાદ જોતાં હાલની અરજી ના કામે જે પ્રતિવાદી ન.૩ તફે જે નામદાર સુપ્રીમ કોર્ટનુ સાઈટેશન નામદાર સુપ્રીમ કોર્ટ ના સીવીલ અપીલ ન.૧૨૮૦/૧૯૬૯ , ગુંદાજી સતલાજી શિંદે વિ. રામચંદ્ર ભીકાજી જોષી) જોતાં જેના સિંઘ્ધાત જે મા જે સ્ પેશીફીક રીલીફ બાબતે ની જે દાદ માગેલ તે એગ્રીકલચર ખેતીની જમીન બાબતે ની હકીકત હતી અને હાલના કેસમાં વાદીની દાદ જોતા કબજા અને દસ્તાવેજ રદ કરવાની હોઈ અને જેથી જે સાઈટેશનના સિંઘ્ધાતો લાગુ પડતા ન હોવાનુ અત્રેની અદાલતનુ પ્રમાણીક પણે માનવુ હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવછે

R.C.S-1-2020 ORDER BELOW-EXH-71

હુકમ

૧. પ્રતિવાદી ન.૩ ની હાલની અરજી નામંજુર યાને રદ કરવામાં આવેછે.

૨. ખર્ચ અંગે હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સ્થળ–વાલીયા (હીતેષકુમાર રસીકલાલ ઠકકર)

તા.૨૬/૬/૨૦૨૪ પ્રિન્સીપાલ સીવીલ જજ,વાલીયા.

યુનીક જજ કોડ, જી.જે.૦૧૪૪૮